**દૂધ-ડિઝલ-ગેસમાં છે આપણે તો 'કાળી' ચૌદસ!**
**ડરાવે મોંઘવારી પણ, આપણે તો કાળી ચૌદસ!**
**પડ્યા 'નરક' ચતુર્દશીમાં આપણે તો કાળી ચૌદસ!**
**રહે એ સદા 'પૂનમ'માં, આપણે તો કાળી ચૌદસ!**

**સમજ્યા હવે!**
**સપના સેવવાનું -**
**મહત્ત્વ-મૂલ્ય!**
**(વિસ્તરણ-ચેરમેન નિમણૂંકો)**

**ચાલે છે રાજ!**
**ઇન્ચાર્જ-ખાલી જગ્યાથી -**
**બોદાં વચને..**
**(નંબર વન-મોડેલ)**

## ચિંતન

**તન્દ્રોજન યદ્ દ્વિજભુક્ત શેષં તસ્તોહદં યત્ક્રિયતે પરસ્મિન ।**
**સા પ્રાજ્ઞતા યાન કરોતિ પાપ દંભં વિના યઃ ક્રિય તે સ ધર્મઃ ॥**

ચાણક્ય નીતિનો આ શ્લોક છે : 'જે અતિથિ-ગરીબ-બ્રાહ્મણને આપ્યા પછી જ જે વધેલું અન્ન છે તે જ વાસ્તવિક ભોજન છે અર્થાત્ ગૃહસ્થીએ પહેલાં જરૂરિયાતમંદ ભૂખ્યાં ને ખવડાવીને પછી જ ભોજન લેવું જોઇએ.'

તે જ પ્રમાણે પ્રેમ-સ્નેહ-વાત્સલ્ય-હૂંફ એને કહેવાય જે અપરિચિત અને પરાયા લોકોને પણ હૃદયપૂર્વક-ખરાદિલથી આપવામાં આવે-પોતાના સગાં-સંબંધી-ભાઇઓ-મિત્રોને તો સૌ કોઇ પ્રેમ-સ્નેહ-માન-આદર આપે જે એમાં શું આશ્ચર્ય?

જે માણસ સંસાર વ્યવહારમાં રહીને પણ નિર્લેપ રહી પાપ કર્મોથી સદાય પોતાની જાતને બચાવે એ જ સાચો બુદ્ધિમાન છે. અને, જે માણસ છળ-કપટનો ત્યાગ કરી તટસ્થ પણે સામાજિક વ્યવહારોમાં પરોવાય છે તે જ સાચો ધર્મ છે.

ચાણકય-કૌટિલ્યએ સંસારીઓને સાચું ભોજન, સાચો સ્નેહ, સાચી બુદ્ધિ અને ધર્મનો ખરો અર્થ આ શ્લોકમાં સમજાવ્યો છે.

## સુવિચાર

- માનવીની સાચી મિત્ર તેની ભીતરની કોઠાસૂઝ અને તેની દસ આંગળીઓ છે - **હિતોપદેશ**
- કામ, ક્રોધ, લોભ, મોહ અને સ્વાર્થ જેવા દુર્ગુણોનો રામબાણ ઇલાજ સંતોષ છે - **પંચતંત્ર**
- જ્યાં શાંતિ હોય ત્યાં સુખ જરૂર હશે પણ જ્યાં સુખ હોય ત્યાં શાંતિ ન પણ હોય - **પન્નાલાલ પટેલ**
- માણસ જો પોતાને ઓળખી શકે તો ભગવાનને પણ સરળતાથી ઓળખી શકે - **સંતરામ**
- રાજાનું સામર્થ્ય સેનામાં, બ્રાહ્મણનું સામર્થ્ય વિદ્યામાં, પુરૂષનું સામર્થ્ય પુરૂષાર્થમાં, અને સ્ત્રીનું સામર્થ્ય તેની લજ્જા, માધુર્ય અને યૌવનમાં રહેલું છે - **સાધુ વાસવાણી**
- હે પ્રભુ, હું ક્યાં એમ કહું છું કે મને મારા સારા કર્મોનું ફળ આપી દે, મારી અરજ એટલી કે સારા કર્મ કર્યા કરૂં એટલું બળ મને આપી દે - **કબીર**
- સંતોષી માણસનો ફોટો નહીં પણ તેનો એકસ-રે તો સરસ જ આવશે - **કાન્તિ ભટ્ટ**

## બોધ કથા

આજકાલ તો પૈસા, સોનાની ચેન, હાથમાંથી લઇ જાય, જમીનો ખબર ન પડે ને વેંચાઇ જાય એકૌન્ટ હાઇજેક થઇ જાય, એટીએમ આખો આખાં ઉપડી જાય - મૂલ્યો અને રજા લેવાની તો હવે વાત જ કેવી?

મહર્ષિ ચરક મોટા-નિષ્ણાત ઔષધશાસ્ત્રી હતા. વનસ્પતિઓને પારખી એમાંથી આયુર્વેદીક દવાઓ બનાવતા-એમની એ વિદ્યા પારખી રાજાએ એમને ખતપત્ર આપ્યો હતો. કોઇ પણ સરકારી જમીનમાંથી જે જરૂર પડે તે ઔષધિ કોઈ પણ જાતની પરવાનગી વિના લઇ લેવી, અને એનો દવાઓ બનાવવામાં ઉપયોગ કરવો.

એકવાર શિષ્યો સાથે કોઇ ગ્રામ્ય વિસ્તારમાં ફરતા હતા. ત્યાં કોઇ ખેતરની વાડના સેઢે વિચિત્ર જાતના કોઇ'દિવસ ન જોયેલાં ફૂલ જોયા.

મહર્ષિનું ધ્યાન ત્યાં ગયું. શિષ્યોએ કયું એ ફૂલો ચૂંટી લાવીએ? મહર્ષિએ શિષ્યોએ કયું એ ફૂલો ચૂંટી લાવીએ? મહર્ષિએ શિષ્યોને અટકાવ્યા કહ્યું કે આ ખેતર કોઇ ખેડૂતની માલિકીનું છે એની રજા વિના એ ફૂલોને અડકી પણ ન શકાય!

શિષ્ય કહે પણ તમને તો સરકારી પરવાનો છે ને!

ચરકમુનિ કહે એ સરકારી જમીન પૂરતો-ખાનગી ખેડૂતનો નથી. ગામમાં જાવ અને માલિકીની તપાસ કરી એની રજા મેળવી લ્યો! ત્યાં સુધી હું અહીં જ બેઠો છું!

..નીતિ અને મૂલ્યોની જાળવણી આમ થાય..

Email - sureshchandrabhatt18@gmail.com

## શીપની બારીમાંથી નીલવર્ણો સમુદ્ર બહુ સુંદર દેખાતો હતો, તે ઉપરાંત બીજી મોટી શીપો કિનારે નાંગરેલી હતી તેની નજીકથી અમારી શીપ પસાર તથા વિદેશી શીપની ભવ્યતા જોઈ સૌ દંગ રહી જતા હતા

આંદામાનના નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર પ્રકૃતિની અદ્દ્ભૂત છટાઓ જયાં વિખરાયેલી પડી છે તેવા એક સુંદરત્તમ ટાપુ પર જવાની વાતથી સૌ કોઇ રોમાંચિત હતા.

પ્રાકૃતિક ઇશ્વરીય કૃપાથી આ ટાપુ`ક ચમત્કારની જેમ દરેક મનુષ્યને પોતાની બેમિસાલ સુંદરતાને લીધે પોતાના તરફ આકર્ષિત કરે છે. સમુદ્રના ખોળે ઊભરેલી સુંદરતા એટલા વિશાળ સ્વરૂપમાં છે કે તેને જોતાં આંખ થાકે નહીં. સમુદ્રની વિશાળતા અને તેને કિનારે રેતીલા બીચની સ્વચ્છ ચમકતી રેતી સહેલાણીઓને આકર્ષે છે. કોલાહલ અને ભીડથી અલગ શાંત વિસ્તારમાં પ્રાકૃતિક સુંદરતાનો આનંદ અહીં લઇ શકાય છે. તેવા હેવલોક ટાપુ પર આજે જવાનું છે. વિશ્વનો બીજા નંદરનો અને એશિયાનો પહેલા નંબરનો બીચ હેવલોક ટાપુ પર છે.

પોર્ટ બ્લેરમાં આવેલ નેવીના ચેકપોસ્ટ નાકા પાસે અમે સૌ આવીને ઊભા ત્યારે સવારના લગભગ નવ વાગી ગયા હતા. પ્રવાસીઓના ઓળખકાર્ડ તપાસીને પછી અંદર જવા દેવામાં આવતાં હતા...

ચાલતા ચાલતાં અંદર પ્રવેશીને જોયું તો મોટાં મોટાં પેસેન્જર શીપ - વહાણો અહીં ઊભેલા હતા. અમને શક્તિ એક મોટી હોલ હતો ત્યાં લઇ ગયો. ત્યાં સૌના માટે બેઠક વ્યવસ્થા હતી. શીપમાં જવા માટે મંજુરીની ઔપચારિકતાઓ અહીં પૂરી કરવી પડે છે એવું જાણવા મળ્યું. પદરેક મિનિટ હોલમાં બેસવાનું હતું. પણ શીપમાં જવાની સૌને તાલાવેલી હતી. બીચ પર સમુદ્ર સ્નાન કરવા માટે સૌએ એ પ્રકારના કપડાં સાથે લીધેલા હતા. સ્ત્રીઓ આજે કંઇક વધુ જ આકર્ષક અને રોમેટીક લાગતી હતી. સમુદ્રના પારદર્શક વસ્ત્રો સૌને તેમના તરફ ધ્યાન દોરવા આકર્ષિત કરતા હતા. નેવીના યુનિફોર્મમાં બેઠેલ એક રૂપાળી યુવતી સાથે શક્તિ વાતો કરતો હતો. તેનું સ્મિત અને મારકણી આંખો છતાં નેવીની શિસ્તમાં બંધાયેલી એ યુવતી હવે તેની ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં વ્યસ્ત બની ગઇ હતી અને અમે પણ અલકમલકની વાતોમાં મશગુલ હતા. પણ અમારૂં ધ્યાન વારંવાર એ તરફ જતું હતું.

શક્તિ આવ્યો અમે સૌ શીપમાં સવારી કરવા માટે ઉપડ્યા. નેવીની એ યુવતીએ એ જ સ્ટાઇલમાં સૌનું સ્મિતથી અભિવાદન કર્યું અને અમારી યાત્રાની સફળતાની શુભકામના વ્યક્ત કરી.

શીપમાં ચડવા માટે સીડી હતી. તેની બંને બાજુ દોરીની સુંદર ગુંથણી કરેલ ટેકા રૂપ કઠેડા હતા. અંદર જતાં શીપની સુંદરતા અને ભવ્યતાને જોતાં સૌ રાજી રાજી થઇ ગયા. બે માળની આ પેજેન્જર શીપ આખી જ વાતાનુકૂલિત હતી. વચ્ચે ટેબલ અને બંને બાજુ સોફાવાળી સુંદર બેઠક વ્યવસ્થા હતી. નીચેના માળે રેસ્ટેરોન્ટ હતી. શીપનો સ્ટાફ અહીં ખડેપગે પ્રવાસીઓની સેવામાં લાગેલો હતો. ઉપરનાં માળે બેઠક વ્યવસ્થા સાથે ફિલ્મનો મોટો સ્ક્રીન પણ હતો. બધાં ગોઠવાઇ ગયા એટલે શીપ ચાલવા લાગી.

શીપની બારીમાંથી નીલવર્ણો સમુદ્ર બહુ સુંદર દેખાતો હતો. તે ઉપરાંત બીજી મોટી શીપો કિનારે નાંગરેલી હતી તેની નજીકથી અમારી શીપ પસાર તથા વિદેશી શીપની ભવ્યતા જોઇ સૌ દંગ રહી જતા હતા.

સમુદ્રની લહેરો પર પોતાની તાકાતથી જાણે કે સામ્રાજ્ય સ્થાપવાની કોશિષ કરતી શીપ સ્પીડ સાથે સમુદ્રના મોજાંઓને મહાત કરતી આગળ વધવા લાગી.

મીનાને કોફીની તલપ લાગેલી તેથી મેં બે કોફીનો ઓર્ડર કર્યો અને હું ઉભો થઇ શીપના પાછળના ભાગે આવેલ બારી પાસે આવીને ઊભો. બારીમાંથી શીપના ચાલવાને કારણે ઉછળતા સમુદ્રના પાણીનું દૃશ્ય જોવાલાયક હતું. તેનાથી શીપની ઝડપનો પણ ખ્યાલ આવતો હતો. શીપની ઝડપ કલાકના ૭૦ થી ૮૦ કી.મી.ની હોય તેમ લાગતું હતું. બારી પાસેથી મારી જગા પર પાછા ફરતાં થાંભલા, કાઉન્ટર કે છતનો ટેકો લઇ ચાલવું પડતું હતું. તેમાં વળી અમે જોયું તો એક યુવક જે જરા વધારે પડતો મોર્ડન લુક ધરાવતો હતો. બર્મુડા અને ટીશર્ટ તેણે પહેરેલું હતું. વાળની ખાસ સ્ટાઇલને કારણે તે સૌનું ધ્યાન ખેંચતો હતો. તે રેસ્ટોરેન્ટના કોફી કાઉન્ટર પાસે આવ્યો. તેણે બે હાથમાં કોફીના મગ પકડ્યા તો ખરા પણ પછી ચાલવા જતાં પગ ફર્શ પર ટકતા ન હોતા, હવે શું કરવું તેની અસંમજસમાં તે ગભરાઇ ગયો. તેના વાળ ઊભા થઇ ગયા અને આખા શરીરે પરસેવો વળી ગયો. આજુબાજુ બેઠેલા સૌ તેની આ હરકત જોઇ હસી પડ્યા. મારી સામે બેઠેલા દિપક ભાઇએ તેના હાથમાં કોફીનો એક મગ લઇ લીધો અને બે ટેકો લઇ ઊભો રહી શકે તે માટે મદદ કરી. ત્યાં રેસ્ટોરેન્ટનો માણસ તેની મદદે આવ્યો. તે કદાચ તેની ફિયાન્સીને ખુશ કરવા કોફી લેવા આવ્યો હતો. કોફીની ચુસ્કીઓ લેતાં મોજ મજા સાથે આવા દશ્યોનો આનંદ લેતા લેતા થોડી થોડી વારે બારીમાંથી સમુદ્રનો નજારો પણ અમે સૌ જોવાં હતાં. દૂર દૂર કયાંક હરિયાળો ટાપુ દેખાયો અને કયારેક વળી કોઇ વહાણ સમુદ્રની લહેરો પર હાલક ડોલક થતું જોઇને ખુબ મજા આવતી હતી. અહીં ડોલ્ફીન જોવા મળે છે. એવું સાંભળવામાં આવેલું તેથી ઉત્સુકતા પૂર્વક સમુદ્રનું અવલોકન કર્યું પણ તે જોવા મળી ન હતી.

છેવટે શીપ હેવલોકના કિનારે આવી હાથકારો અનુભવતા સૌ નીચે ઉતરવા લાગ્યા. આ હેવલોક ટાપુ ઘણો મોટો છે. અહીં ચાંદી જેવી ચમકતી રેતીવાળો સિલ્વર બેન્ડ વિસ્તાર છે, કાળાપાણી વિલેજ નામે ગામડું છે. તે ઉપરાંત બીજા સાત જેટલા ગામો આવેલાં છે. અહીંના પ્રખ્યાત એલીફ્ન્ટ બીચ અને લાઇટ હાઉસ એટલે કે દિવાદાંડી પણ છે. વચ્ચે વચ્ચે ગીચ જંગલ વિસ્તાર આવેલો છે અહીં અનેક સરકારી અને ખાનગી રીસોર્ટ આવેલા છે. જેમાં સનડેઝ બીચ રીસોર્ટ, અંજના બીચ રીસોર્ટ, સ્માઇલ બીચ રીસોર્ટ, હેપ્પી રીસોર્ટ, સીસેબ્સ, ઇકો વિલા, ઓસન પેરલ રીસોર્ટ, અમેઝોન બીચ રીસોર્ટ, સી વીવ રીસોર્ટ, પેલીકન બીચ રીસોર્ટ, બીચ રીસોર્ટ, વાઇલ્ડ આર્કીડ, ડોલ્ફીન રીસોર્ટ, કોકોનટ ગ્રોવ બીચ રીસોર્ટ, આંદામાન બબલ્સ રીસોર્ટ તે ઉપરાંત અમારે હેવલોકના જે સુંદર બીચ પર જવાનું હતું તે રાધાનગર બીચ પર ગવર્નમેન્ટ ટેન્ટ રીસોર્ટ પણ આવેલો છે તે જાણવા મળ્યું. ત્યાં જવા માટે જમીન રસ્તે જંગલ પસાર કરતાં જીપમાં અમે રાધાનગર બીચ પર બહોંચ્યા.

સમુદ્રની લહેરો અહીં શાંત હતી. ચમકતી રેત અને દૂર દૂર અફાટ જળરાશિ સૌને સ્નાન માટે જાણે આહ્વાન કરતો હતો. કિનારા પર વાંસ અને નારિયેળીના પાનમાંથી બનાવેલી સુંદર કુટીરો હતી. તેમાં બેસવા માટેની વ્યવસ્થા પણ વાંસમાંથી ગુંથણી કરી ને કરેલી હતી. તે બહુ સુદંર હતી. સ્નાન કરવા જવા માટે કપડાં બદલવાની પણ ખાસ વ્યવસ્થા હતી. સહેલાણીઓનાં ટોળેટોળા અહીં સમુદ્ર સ્નાનની મજા માણતાં હતા.

અહીં આસમાની રંગનું સ્વચ્છ પાણી જોઇને મન પ્રકૃતિની સુંદરતામાં ખોવાઇ જાય છે. રેતીનો સુંવાળો સ્પર્શ સ્વર્ગીય આનંદનો અનુભવ કરાવે છે. આ નીલ અને હેવલોક ટાપુઓ વિદેશી પ્રવાસીઓ માટે પણ જળ ક્રિડાનાં પસંદગીના સ્થાનો છે. તેઓ આ વિશાળ સમુદ્ર કિનારા પર કલાકો સુધી તરતાં નજરે પડે છે. એમ લાગે છે કે જાણે તેમનું મન ભરાયું જ નથી. કોઇ વિદેશી પ્રવાસી આ પરમાનંદનો પોતાનો અનુભવ આપણને કહે ત્યારે મજા આવી જાય છે. પણ પોતે સમુદ્ર સ્નાનની મજા લેવી એ તો આનંદ તો ખરેખર અવર્ણનીય છે. તેથી સૌ કપડાં બદલી બદલીને દરિયાના પાણીમાં ધુબકા લગાવવા લાગ્યા હતા. બાળકોને તો છબછબીયા કરવાની મજા પડી ગઇ હતી. સ્નાન કરતી સ્ત્રીઓનાં ભીંજાયેલાં વસ્ત્રોમાંથી દેખાતો દેહનો ઉભાર કામુક લાગતો હતો. યુવાનો સાથે સાથે આધેડ ઉંમરે પહોંચેલા યુગલો પણ મોજમાં મશગુલ લાગતા હતા.

બે ત્રણ કલાક સુધી સમુદ્ર સ્નાનની મજા માણ્યા બાદ હવે પરત ફરવાનું હતું. કપડાં બદલી સૌ ચાલતાં ચાલતા નાળીયેરની બારીઓ તરફ વળ્યાં અહીંના નારીયેળ પાણીનો સ્વાદ તૃપ્ત કરનારો હતો. તેની નજીકમાં નાની નાની ઝૂંપડીઓ જેવી દુકાનો હતી. અહીં શંખ છીપલામાંથી બનાવેલ વસ્તુઓ, હેર અને ટીશર્ટ તેમજ વાંસ અને નારીયેળના પાનમાંથી બનાવેલ સુંદર અને કલાત્મક વસ્તુઓ મળતી હતી. મીનાએ છીપલામાંથી બનાવેલ ચમચીઓનો એક સેટ, લીધો તેના પર સુંદર રંગીન ચિત્રકારી કરેલી હતી. તે ઉપરાંત નારિયેળીના પાનનો પંખો ખરીદો તેની ગુંથળી અને રંગો બહુ જ મનમોહક હતા.

અમે ફરી જીપમાં બેસીને પાછા ફર્યા. ત્યારે સાંજના ચાર વાગી ગયા હતા. પાંચ વાગ્યે શીપ ઉપડશે એમ જાણવા મળ્યું હતું. જટ્ટી પણ આવ્યા ત્યારે ખબર પડી કે પણ અમારી પાસે સમય ન હતો. દૂર દૂરથી આવતાં વહાણો ને અમે જોતાં હતા ત્યાં ઉપેન્દ્રભાઇએ આવીને કહ્યું, 'અરે! સાહેબ સામે આકાશમાં જુઓ. મેં નજર ઉપર કરી તો એક નાનકડું વિમાન કિનારા તરફ આવીને ઉતરી રહ્યું હતું. તે સમુદ્રના પાણીમાં જ ઉતર્યું. પોર્ટ બ્લેરથી હેવલોકની આ પવન હંસ સેવા છે. તેમાં નાનકડા વિમાનમાં પંદર પ્રવાસીઓ બેસી શકે છે.'

અમે ફરી શીપમાં સવાર થઇ ગયા. સાંજ થતાં સમુદ્રમાં ભરતી જોઇ શકાતી હતી. મોજાઓ ઊંચા ઊંચા ઉછળતા હતા. પવનનું જોર પણ વધ્યું હતું. સામા પવને અમારી શીપ ઉછળતી કુદતી સંઘર્ષ કરતી આગળ વધતી હતી. હાલકડોલક થતી લોન્ચમાં બેઠેલા સૌને જીવ પડીકે બંધાઇ ગયા હોય તેવી હાલત હતી છતાં સૌના ચહેરા પર છલકતાં આનંદ જોઇ શકાતો હતો. દૂર દૂર પોર્ટ બ્લેરની લાઇટો જોતાં સૌ ખુશ થયાં. છેવટે વહાણ કિનારે નાંગર્યું અને સૌ ઉતર્યા.

**(ક્રમશઃ)**

## શુભ દિપાવલી અને નૂતનવર્ષનાં હાર્દિક અભિનંદન

દીપોત્સવીના પ્રજ્વલિત ટમટમતા - ઝબકતા દીવડાઓમાંથી પ્રગટ થતાં તેજોયમ કોમલ કિરણો, સર્વેના જીવનમાં વિશેષ જ્ઞાનરૂપી ઉજ્જવળ પ્રકાશ પાથરી, જીવનપથને અજવાળી - ઝળહળતો બનાવે અને સર્વેના હૃદય કમળમાં દયા, પ્રેમ, પરોપકાર, માનવતા અને "વસુદૈવ કુટુમ્બકમ્" ની નિર્મળ - નિર્ભેળ તથા ઉદાત્ત ભાવના નો તેજપુંજ ઝળકી - ફોરી ઊઠે તથા સર્વેના જીવનમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગનો સદાય ઘઘૂવતો દધિ હિલોળા લે અને આવતીકલનાં સોણલાં સાકાર થાય તથા સર્વેનું જીવન સેવામય, સુખમય, સમૃદ્ધિમય, શાંતિમય અને સુખાકારી ભર્યું (આરોગ્યપ્રદ નિવડે તેવી દધિસભર - અનેકાનેક સુભકામનાઓનાં રસથાળ સહ, દેદીપ્યમાન શુભ દિપાવલી અને નવપલ્લવિત નૂતનવર્ષાભિનંદન - સાલ મુબારક.

● **કાવ્યસેતુ : દિવાળી**

રૂમઝૂમ ઠમાક, રૂમઝૂમ ઠમાક દિવાળી આવે !
દીપ પ્રાગટ્યનો રમ્ય - રૂડો, અમોલ અવસર લાવે!
જયોતિકળશ ધરી કરમાં, પુનિત પ્રકાશ રેલાવે !
... રૂમઝૂમ ઠમાક
પાથરી જ્ઞાનનાં ઓજસ, અજ્ઞાન તિમિર હઠાવે !
અહંકારને છેદી, દયાને કરૂણાનો કેતુ ફરકાવે અ
! ... રૂમઝૂમ ઠમાક
પાઇ પ્રેરણાના પિયુષ, જીવનને અખૂટ જોમ જગાવે !
જીવનની ભૂલભૂલામણીમાં, સરળ રાહ બતાવે !
કંટકછાયા જીવનરાહમાં, કોમળપુષ્પો પથરાવે !
... રૂમઝૂમ ઠમાક
આસુરી તાકાતને હણીને, દૈવીશક્તિઓ પ્રગટાવે !
ઊંચનીચના ભેદ ભૂંસી, સમાનતાનો સેતુ બંધાવે !
નૂતનવર્ષના રમ્ય વધામણે, નવલું પ્રભાત જગાવે !
... રૂમઝૂમ ઠમાક
ઉત્સાહ, ઉમંગ અને ઉજાશનો એ 'દધિ' છલકાવે !
નવલાવર્ષનાં ઝળકતાં, અમોલ સોણલાં સજાવે !...
રૂમઝૂમ ઠમાક

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

● **સાહિત્ય સેતુ સમાચાર**

ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજય ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૯-૧૦-૨૦૧૩ના રોજ કુ. તેજલ દામજી વેલાણી કન્યા વિદ્યાલય નખત્રાણા (કચ્છ) ખાતે રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજભાષા પ્રદર્શનને રીબન કાપીને ખુલ્લું મૂકતાં જાણીતા કવિ સાહિત્યકાર પ્રવીણ ગઢવીએ પ્રદર્શનમાં મુકવામાં આવેલાં પુસ્તકો, ચાર્ટસ અને પોસ્ટરોને નિહાળી તેના દ્વારા રાજભાષાના પ્રચાર, પ્રસાર અને વિકાસ માટેની વિપુલ તકોની વાત કરી વિદ્યાર્થીઓ માટે આ પ્રદર્શન ખુબ જ ઉપયોગી હોવાનું જણાવ્યું હતું.

શાળાના વિશાળ સભાખંડમાં ખીચોખીચ ભરેલ શ્રોતાઓની સમક્ષ શાળાની વિદ્યાર્થીઓન દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. તેમજ કચ્છી પહેરવેશમાં સજ્જ બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત અભિનત સાથે બહુ જ પ્રભાવક રીતે રજૂ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. તે પછી શ્રીમતી હંસાબેન એમ. ગઢવી ભાષા નિયામક ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા શબ્દોથી અને પુસ્તકોથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાસંગિક પ્રવચન કરતાં હંસાબેન ગઢવીએ 'કચ્છના આ અંતરીયાળ વિસ્તારમાં રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ યોજવા પાછળનો હેતુ સમજાવ્યો હતો.'

મુખ્ય મહેમાન તરીકે ભૂજથી ખાસ પધારેલ કચ્છ યુનિવર્સિટી ગુજરાત વિભાગના અધ્યક્ષા ડો. દર્શનાબેન ધોળકીયા એ સુંદર ઉદાહરણો સાથે માનનીય પ્રવચન આપ્યું હતું. અને તે દ્વારા રાજભાષાનું જીવનમાં મહત્વ, ઉપયોગીતા અને વિદ્યારથીઓને તેમાં કુશળતા કેળવવાની શીખ આપી હતી. તો પછી જાણીતા સાહિત્યકાર, વિવેચક, લેખક ડો. ધીરેન્દ્ર મહેતા એ તેમનાં શૈક્ષણિક અને આકાશવાણી ભૂજ સાથેનાં સંસ્મરણોના ઉદાહરણ સાથે રાજભાષા અને માતૃભાષાનો ઉપયોગ કરતાં તેમાં રાખવાની કાળજી અંગે દૃષ્ટાંતો આપી વિદ્યાર્થીનીઓ ઉપયોગી સૂચનો કર્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહેલ જાણીતા કવિ, સાહિત્યકાર નટવર હેડાઉએ

### સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

ઇ-મેઇલ અને એસ.એમ.એસના યુગમાં વહીવટની ભાષા સાથે વિદ્યાર્થીઓ માટે રાજભાષા અને માતૃભાષના મહત્ત્વ અંગે યોજાયેલ આ પરિસંવાદની સાર્થકતા અંગે વકતવ્ય રજૂ કર્યું હતું. તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં અધિકારી તરીકે રહી ચુકેલા ઉત્તમ વકતા અને અભ્યાસુ એવા પ્રવિણભાઇ શ્રીમાળીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ રચીને ભાષાને જીવંત રાખવાની ખેવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલ શાળાના આચાર્યા શ્રીમતી દક્ષાબેન જેઠી એ પ્રાસંગિત પ્રવચન કર્યું હતું.

અધ્યક્ષીય પ્રવચન આપતાં કવિ, લેખક, સાહિત્યકાર પ્રવિણ ગઢવી (આઇ.એ.એસ.) એ શબ્દો, વ્યાકરણ અને બોલચાલની ભાષામાં થતી ક્ષતિઓ અંગે નિર્દેષ કરતાં સુંદર અભ્યાસપૂર્ણ પ્રવચન આપ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ગાંધીનગરથી વિશેષ ઉપસ્થિત રહેલ ભરત કવિ 'ઉર્મિલે' કર્યું હતું.

કાર્યક્રમને અંતે મદદનીશ ભાષા નિયામક જ.મ. અમલિયારે ઋણ સ્વીકાર કર્યો હતો.

## ... તો ઈચ્છાશક્તિ સફળતાનો રાજમાર્ગ રચશે

### ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

**- હર્ષદ પ્ર. શાહ**

માણસનું જીવન ઇચ્છાઓનું ઘનઘોર જંગલ છે. અનેક પ્રકારની ઇચ્છાઓ એના મનમાં જન્મે છે. ડગલને પગલે કોઇક ઇચ્છા. સારા ભોજનની ઇચ્છા, સારા ઘરની ઇચ્છા, સુખી સંસારની ઇચ્છા, સુખ-વૈભવ-સંપત્તિ વગેરેની ઇચ્છા. ઇચ્છાઓનો અંત નથી. ઇચ્છા એટલે પરિગ્રહ. ઇચ્છા પર અંકુશ એટલે અપરિગ્રહ. ઇચ્છામાં વિકાસ ભળે તો વાસના બને. ઇચ્છામાં સંસ્કાર ભલે તો સાધના બને. ઇચ્છાને સારો આવકાર મળે તો મન-હૃદયને સંતૃપ્તિ પ્રાપ્ત થાય. ઇચ્છાઓ ઉપર અંકુશ કેવી રીતે મેળવી શકાય ? એનો અદ્દ્ભુત માર્ગ છે ઇચ્છાશક્તિ કેળવવાનો. એક બાજુ ઇચ્છા, બીજી બાજુ ઇચ્છાશક્તિની સાધના! ઇચ્છા મનને નિર્બળ બનાવે છે, ઇચ્છાશક્તિ મનને પ્રબળ બનાવે છે... મનોબળ વધારે છે. ઇચ્છાશક્તિ મનને પ્રબળ બનાવે છે... મનોબળ વધારે છે. ઇચ્છાશક્તિ જીવનને બધી રીતે શ્રેષ્ઠ બનાવે છે... અરે! મૃત્યુને પણ સુધારે છે. આ જેવી તેવી વાત નથી. ભીષ્મપિતામહ ઇચ્છામૃત્યુે વર્યા હતા. પ્રબળ ઇચ્છાશક્તિને કારણે જ એકલવ્ય ગુરૂના પ્રત્યક્ષ માર્ગદર્શન વિના પણ ઉત્કૃષ્ટ ધર્નુવિદ્યા મેળવી શક્યો હતો. પ્રબળ ઇચ્છાશક્તિને કારણે જ નચિકેતા યમ પાસેથી મૃત્યુની પેલે પારનું રહસ્ય પામી શક્યો હતો. પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવનાર દર્દી મૃત્યુના મુખમાં જઇને પણ પાછો ફરે છે. પ્રબળ ઇચ્છાશક્તિને વરેલા શૂરા યોદ્ધાઓનાં મસ્તક વિનાનાં ધડ રણમેદાનમાં ઝઝૂમ્યાનાં અનેક ઉદાહરણો આપણા ઇતિહાસમાં છે.

ઇચ્છાશક્તિનું અવલંબન કરનારને પરાવલંબનનું ગ્રહણ નડતું નથી. ઇચ્છાશક્તિના સાધકને માર્ગના કોઇ અવરોધો નડતા નથી. માર્ગનાં કાંટા પણ એના માટે ફૂલ બની જાય છે. ઇચ્છાશક્તિની મદદથી પથિક સ્વયં પથ બની જાય છે. કોઇ વાત એના માટે અશક્ય બનતી નથી.

માણસ એટલે ઇચ્છાઓનો સમૂહ. 'આમ કરવું છે ને તેમ કરવું છે' એવી એવી વિચારણાઓ અને ઇચ્છાઓ જો જીવનનું એક અનિવાર્ય અંગ હોય તો ઇચ્છાઓના એ અડાબીડ ઘનઘોર જંગલમાં અથડાવાને બદલે માણસ પોતાની કેડી શોધી લે એ વધારે યોગ્ય નથી લાગતું? ઇચ્છાઓના જંગલમાંથી પણ એક સુંદર સુનિયોજિત ઉપવન ચરી શકાય છે.

વેબસ્ટર નામના એક છોકરાએ છેક બાળપણથી જ નક્કી કરેલું કે પોતે અંગ્રેજી ભાષાનો એક શબ્દકોષ તૈયાર કરશે. એ એટલો તો ગરીબ હતો કે ફાટી ગયેલાં પગરખાંને ફેંકી દઇ નવાં પગરખાં ખરીદવાના એની પાસે પૈસા નહોતા. એનાં જૂના પગરખાંમાં એટલા મોટા કાણાં પડેલાં કે એ ચાલે ત્યારે અંદર કાંકરા પેસે ને નીકળે! એ જોઇને લોકેને રમૂજ થતી. લોકોના ઉપહાસના શબ્દોની વચ્ચે પણ એને શબ્દોની ઉત્પત્તિ, તેમના મૂળ, તેમના અર્થ અને વિવિધ ઉપયોગનું ચિંતન ચાલુ રાખ્યું. શબ્દો અંગે પાર વગરની સામગ્રી ભેગી કરવાનું એનું કામ અવિરત ચાલુ રહ્યું. એની ચારે બાજુ અંધકાર હતો અને આખરે એ દિવસ આવી પહોંચ્યો જયારે શબ્દકોષની રચના કરી. આખા ઇતિહાસાં એનું નામ અને કામ સુવર્ણાક્ષરે લખાઇ ગયું. પગના બૂટનાં કાણાં તરફ નજર રાખવાને બદલે એણે પોતાના મગજમાં ઝબૂકતા પ્રકાશ તરફ મનને એકાગ્ર કર્યું.

પોતાની આસપાસ છવાયેલા પરિસ્થિતિના ગાઢ અંધકારમાં પણ માણસ ઇચ્છાશક્તિના દીવડાથી પ્રકાશ પ્રગટાવી શકે છે. વિરોધ કે અવરોધ સામે એવો માણસ ઝૂકતો નથી. 'હું શક્તિશાળી છું' એવો આત્મશ્રદ્ધાપૂર્ણ વિચાર જ એને સિદ્ધિની દિશામાં દોરી જાય છે. એના દૃઢ નિરધાર સામે, દૃઢ સંકલ્પ સામે ભલભલા વિરોધ કે નિર્બલતા ઓગળી જાય છે. આ સનાતન નિયમનો લાભ લનારને કયારેય ચિરકાળ માટે અંધકારમાં ભટકવું પડતું નથી.

જર્મનીના જનરલ રોમેલે લડાઇમાં એવો તો ચમત્કારિક વિજય મેળવ્યો કે લોકો તેમને જાદુગર કહેતા. આફ્રિકામાં તેમને અંગ્રેજ સેનાનો મુકાબલો કરવો પડ્યો. અંગ્રેજોની શક્તિ દસ ગણી હોવા છતાં રોમેલે તેમને ૫૦૦ માઇસ સુધી પાછા હટાવી ભૂંડો પરાજય આપ્યો. કઠિનમાં કઠિન મોરચે પણ સૈનિકોમાં જોશ ભરવાની અને વિજય મેળવવાની અદ્દ્ભૂત ક્ષમતા એમનામાં હતી.

યુદ્ધ મોરચે તેમના માથામાં ત્રણ ટુકડા થઇ ગયા. ડોકટરોએ બચવાની આશા છોડી દીધી. પરંતુ પોતાની અદ્દ્ભૂત ઇચ્છાશક્તિના સહારે મોતને હટાવી તેઓ જીવી ગયા. આ પછી પણ તેઓ અનેક મોરચે લડાઇઓ જીત્યા.

ચાર વર્ષની છોકરીને પગે લકવો થયો. લાકડીના ટેકે તે ચાલી શકતી. છોકરીની પગની શક્તિ ઓછી હતી પણ મનની શક્તિ જબરદસ્ત! તેણે હિંમત ન છોડી. લાકડીના ટેકે સતત ચાલવાનો અભ્યાસ કરતા કરતા તે દોડવા પણ લાગી. એક સમય એવો આવ્યો કે ઓલિમ્પિક રમતમાં તે સામેલ થઇ અને ત્રણ ત્રણ ત્રણ વિજયપદકો જીતી લાવી. એ લગનશીલ છોકરી ગોલ્ડીન રૂલાક અમેરિકાના ટેનેસી પ્રાંતની રહીશ હતી.

નાનપણમાં જ એચ.જી. વેલ્સનો એક પગ તૂટી ગયો. લોકો તેમની દયા ખાતા અને દુર્ભાગી માનતા. એચ.જી. વેલ્સે કોઇની આવી વાત તરફ ધ્યાન ન આપ્યું. એ તો માત્ર આગળ વધવાના ઉપાયો જ વિચારતા રહ્યા અને વાર્તાઓ લખતા રહ્યા. દુનિયાભરના શ્રેષ્ઠ સાહિત્યકાર બનવાનું તેમનું સ્વપ્ન પૂરૂં થયું. તેમની સાહિત્યકૃતિઓ વિશ્વભરમાં બેજોડ ગણાવા લાગી. પ્રતિકૂળ સ્થિતિમાંથી પણ ઇચ્છાશક્તિને આધારે તેમણે સફળતા હાંસલ કરી.

સુબોધરાયનો જન્મ પશ્ચિમ બંગાલમાં થયો. સાત વર્ષની ઉંમરમાં એક દિવસ સૂતાં સૂતાં જ એમની નેત્રજયોતિ ચાલી ગઇ. એમને નિશ્ચય કર્યો કે હવે જ્ઞાનચક્ષુનો ઉપયોગ કરીશ. અંધ વિદ્યાલયમાં દાખલ થયા અને એક પચી એક પરીક્ષા પાસ કરતા રહ્યા. એમ.એ.ની ડિગ્રી પણ પ્રથમ શ્રેણીમાં પ્રાપ્ત કરી. છાત્રવૃત્તિ મળતાં ઇંગ્લેન્ડ - અમેરિકા ભણવા ગયા. તેમની કુશાગ્ર બુદ્ધિથી પ્રભાવિત થઇ એક બંગાળી સ્ત્રીએ તેમની સાથે લગ્ન કર્યાં. સુબોધરાયે પીએચ.ડી.ની પદવી પણ પ્રાપ્ત કરી. એમને પોતાનું આખું જીવન અંધજનોનો ભણાવવામાં તેમ જ તેમનાં કલ્યાણની સંસ્થાઓનાં સંચાલનમાં સમર્પિત કરી દીધું.

હાથ, પગ કે આંખ જેવા અવયવોની ક્ષતિની પૂર્તિ કરવાની જોરદાર તાકાત ઇચ્છાશક્તિમાં સમાયેલી છે. ધૂમકેતુએ સુંદર શબ્દોમાં કહ્યું છે, "કાં અસાધારણ થજે, અથવા નામોનિશાનથી ટળી જજે. સૌના જેવો રાત્રે સૂનારો ને સવારે ઊઠનારો જ આદમી ન રહેતો..."